# વિકાસના નામે વૃક્ષોનું નિકંદન નિકળે છે

## મોટી ઈમારતો અને પહોળા માર્ગો જ માત્ર નહી પરંતુ પ્રકૃતિનો વૈભવ પાટનગરની ઓળખ છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એટલે જ ગ્રીનસીટી... હરીયાળુ, ઘટાટોપ વૃક્ષોથી



આચ્છાદિત એક આગવુ, અનોખુ પાટનગર... પરંતુ જો આપણે નગરવાસીઓ જાગૃત નહીં થઈએ, સંગઠીત નહી થઈએ તો નગરની આ ઓળખ ભુંસાતા વાર નહી લાગે... વિકાસના નામે અસંખ્ય વૃક્ષો કાપી કરોડોના ખર્ચે મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક ઉભો બનાવી દીધો પરંતુ હવે સ્વર્ણિમ પાર્કના ભાગરૂપે સચિવાલય પાછળનું સુંદર જંગલ કાપવાની વાતો પંચામૃત ભવન બનાવવા માટે ચાલી રહી છે. જો આપણે આજે તેનો જોરદાર વિરોધ નહી કરીએ તો કદાચ એક દિવસ એવો આવશે કે ગ્રીન સીટીનું નામ, તેની ઓળખ ઈતિહાસના પાનાઓમાં ખોવાઈ જશે..!

**સમયસર**

ગાંધીનગર શહેર છે પરંતુ તે અન્ય શહેરોથી નોખુ-અનોખુ છે. ગાંધીનગર એટલે ક્રોંક્રીટનું જંગલ નહી, ગીચ ઝુંપડપટ્ટી વસ્તી નહીં, રસ્તા પર વહેતી ગટરો અને તેની આસપાસ ઉભરાતો કચરો નહી, ગીચ ટ્રાફીકથી પ્રદૂષિત શહેર નહીં... પરંતુ ગાંધીનગર એટલે ગ્રીનસીટી, સ્વચ્છ-સુંદર શહેર, જ્યાં પ્રકૃતિ અને સંસ્કૃતિનું અનોખુ મિલન થાય છે. અહીં ટહુકતા મોરલાઓને જોવા દૂર જંગલમાં જવુ પડતુ નથી, અહીં તો વહેલી સવારે ઘર આંગણે જ વિવિધ પશુ-પક્ષીઓને જોવાનો તેમનો અવાજ સાંભળવાનો લ્હાવો મળી જાય છે. દરેક ઋતુને અહીં આગવી રીતે માણી શકાય તે રીતે પ્રકૃતિનું સૌંદર્ય જળવાયેલુ છે. જો આ પ્રકૃતિ, પર્યાવરણ અને વૃક્ષો ન હોય તો તે ગાંધીનગર જ ન હોય.

આ વાત વસાહતીઓ ખુબ સારી રીતે સમજે છે. એટલે જ તેઓ અહીંના પ્રાકૃતિક વાતાવરણને છંછેડ્યા વિના વર્ષોથી અહીં વસવાટ કરી રહ્યા છે. પરંતુ ખુબ ખેદ સાથે એ કહવું પડે છે કે જે વાત વસાહતીઓ સમજી ગયા છે તે વાત કેટલાક રાજકારણીઓ અને તેમની હા મા હા મીલાવતા સરકારી બાબુઓની સમજણમાં આવતી નથી. વિકાસના નામે અહીં છેલ્લા કેટલાક વર્ષોથી વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. જેના કારણે એક સમયે સૌથી વધુ વૃક્ષો ધરાવતા શહેરોમાં પ્રથમ સ્થાને બિરાજતા ગાંધીનગરનો ક્રમ હવે ખુબ નીચો જતો રહ્યો છે. વર્ષોથી ભારે જહેમત કરીને ઉછેરવામાં આવેલા વૃક્ષોને આડેધડ કાપીને તેના સ્થાને વિકાસના દેખાડા માટે બનાવાતી ઈમારતો ઉભી કરતા સત્તાધીશોનો જીવ

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

હોળી પ્રાગટ્ય - ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલ હોળી પર્વની સમી સાંજે પ્રતિકાત્મક હોલિકાદહનનો કાર્યક્રમ ગામે-ગામ, ગલીએ-ગલીએ યોજાય છે... ભક્ત પ્રહલાદની સ્મૃતિમાં ઉજવાતું આ પર્વ અનિષ્ટ સામેની લડાઈમાં સંનિષ્ઠના વિજયને ઉલ્લાસપૂર્વક વધાવાય છે... હોલિકાદહનના પગલે ઉલ્લાસનું પર્વ, રંગોનું પર્વ, ઉમંગનું પર્વ ઉજવવા સૌમાં થનગનાટ પ્રગટે છે... સાંસ્કૃતિક કથાની સાથો સાથ વિજ્ઞાન પણ જોતરાયેલું છે... ધાણી-ચણા કફ નિવારક હોય છે અને સાથે સાથે હોલિકાદહનમાંથી પ્રજ્વલતી જ્વાળાઓ કફ અને શરદી હટાવે છે... આમ ધર્મ અને વિજ્ઞાનની અભિનવ અભિવ્યક્તિ એટલે હોળી પર્વ.... સમાજના સૌ પરિવાર સાથે હોલિકાદહન સમયે પ્રદક્ષિણા કરે, સાથે મળી પ્રહલાદના રક્ષણની સફળતા માટે પરમાત્માને વંદન કરે અને પ્રાર્થે કે પ્રહલાદની જેમ અમારા જીવનમાં સદ્‌ગુણો અને સાત્વિક વિચારોનું રક્ષણ કરે... દુર્ગુણોનું હોલિકાની જેમ દહન કરે....

# સ્વર્ણિમ પાર્કમાં વોટરબોડી આસપાસ ગ્રીલ ફીટ કરાશે

ગાંધીનગર, તા. ૫

સ્વર્ણિમ પાર્કમાં સ્થિત નવનિર્મિત વોટરબોડી ફરતે તંત્ર દ્વારા ગ્રીલ ફીટ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યું છે. વોટરબોડીમાં ગંદકી ન થાય તેમજ સહેલાણીઓની સલામતીને ધ્યાને લઈ ફરતે લોખંડની ગ્રીલ ફીટ કરવામાં આવી રહી છે.

શહેરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કમાં કરોડોના ખર્ચે વોટરબોડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરબોડીમાં કલરફુલ ફાઉન્ટેઈન પણ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જર્મન ટેકનોલોજી આધારિત ડાન્સીંગ ફાઉન્ટેઈન મ્યુઝિકલ ટ્યુન સાથે પાર્કની આગવી ઓળખ બન્યા છે. તંત્ર દ્વારા સહેલાણીઓનો ધ્યાને લઈ રાત્રિ દરમિયાન દરરોજ એક શૉ પણ યોજવામાં આવી રહ્યો છે. આગામી ઉનાળુ વેકેશનમાં પણ સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડ જામશે. જ્યારે ફાઉન્ટેન શૉ નિહાળવા પણ અત્યારથી સ્થાનિક રહીશોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી વોટરબોડીમાં ગંદકી ન થાય તે માટે પણ તંત્ર દ્વારા વોટરબોડી ફરતે ગ્રીલ ફીટ કરવામાં આવી રહી છે. વોટરબોડી નિહાળવા આવતા સહેલાણીઓની સલામતીને ધ્યાને લઈ તંત્ર કક્ષાએથી ગ્રીલ ફીટ કરવાનો નિર્ણય લેવાયો છે. સ્વર્ણિમ પાર્કમાં સ્થિત વોટરબોડીમાં મ્યુઝિકલ ટ્યુન સાથે ઉદ્‌ભવતા રંગબેરંગી ફુવારાનો શૉ નિહાળવા સાંજના સમયે સ્થાનિકોની ભીડ જામે છે.

# ૨૧ પરીક્ષા સ્થળોએ ટેબલેટ મુકાશે

## ૭મીએ પરીક્ષાલક્ષી કામગીરી અંગે તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ૧૪૪ પરીક્ષા સ્થળો પૈકી ૨૧ જગ્યાએ સી.સી. ટી.વી. કેમેરાના બદલે ટેબલેટ મુકવામાં આવશે. પરીક્ષાલક્ષી કામગીરીને અનુલક્ષી શાળા સંચાલકો અને સરકારી પ્રતિનિધિઓ માટે તા. ૭મી માર્ચના રોજ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર અઠવાડિયુ જ માડ રહ્યું હોવાથી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પરીક્ષાલક્ષી તૈયારીઓનું આખરી આયોજન કરવામાં આવી રહ્યું છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લાના તમામ પરીક્ષા સ્થળોને સી.સી.ટી.વી. કેમેરાની વોચથી સજ્જ કરવા નિર્ણય લેવાયો છે. જો કે આ અન્વયે હજુ આર્થિક સદ્ધરતા ન હોય તેવા ૨૧ જેટલા મંડળો દ્વારા આ વ્યવસ્થા થઈ શકી નથી. જેના પરિણામે આ ઠેકાણે શિક્ષણ બોર્ડ દ્વારા ટેબલેટ મુકવાનુ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોએ જણાવ્યા મુજબ આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી

● અનુસંધાન પાન-૭ પર

# બુરા ના માનો હોલી હૈ...!

ગાંધીનગર, તા. ૫

હોળીનો તહેવાર સમગ્ર ગાંધીનગરમાં રંગે-ચંગે ઉજવાઈ રહ્યો છે. હોળીએ રંગોના તેહવારની સાથે મજાક-મસ્તી અને કટાક્ષનો તહેવાર પણ છે. ભારતીય સંસ્કૃતિમાં હોળીના તહેવારે 'બુરા ના માનો હોલી હૈ' કહી સામેની વ્યક્તિને પોતાના રંગમાં રંગી દેવાનો અવસર ઉઠાવી લેવામાં આવે છે. તેમજ વર્ષોથી આજ વાક્ય કહીને બીજાની ફિરકી લેવાની તક પણ આ તહેવાર પુરી પાડે છે. આ પરંપરા મુજબ ગાંધીનગરના કેટલાક અગ્રણી લોકસેવકોને અમો કેટલાક ફિલ્મી ગીતોના મુખડા સાથે સાંકળી હળવી મજાક સાથે ઉત્સવનો આનંદ માણવાનો પ્રયાસ કર્યો છે. અમારા આ પ્રયાસમાં કરાયેલા કટાક્ષને માત્ર મનોરંજન પુરતો સિમિત ગણી મન પર ન લેવા વિનંતી સહ એટલુ જ કહીશુ કે 'બુરા ના માનો હોલી હૈ...'

- જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ - આજકલ પાંવ જમી પર નહી પડતે મેરે...
- મેયર મહેન્દ્રસિંહ રાણા - ઈધર ચલા મૈં ઉધર ચલા, જાને કહાં મેં કિધર ચલા... અરે ફિસલ ગયા.
- ગુડાના ચેરમેન આશિષ દવે - રાત કલી એક ખ્વાબમે આઈ ઔર ગલે કા હાર હુઈ, શુબ્હ કો જબ હમ નીંદ સે જાગે આંખ ઉન્હી સે ચાર હુઈ...
- તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ - ધૂણી રે ધખાવી મૈં તો હરિ તારા નામની...
- ગાંધીનગરના ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ - મૈં તો રસ્તે સે જા રહા થા, મૈ તો ભેલ પુરી ખા રહા થા, મુજકો 'ટિકિટ' મિલી તો મૈં ક્યાં કરું?
- ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર - અલ્લા તેરો નામ, ઈશ્વર તેરો નામ, સબ કો સન્મતિ દે ભગવાન.
- ધારાસભ્ય દહેગામ કામિનીબા રાઠોડ - જુબા પે દર્દ ભરી દાસ્તાં ચલી આયી, બહાર આને સે પહેલે ફિજા ચલી આયી.
- ધારાસભ્ય કલોલ બળદેવજી ઠાકોર (સી.જે. ચાવડા સાથેના ગાઠ સંબંધો) - હમ દોનો દો પ્રેમી દુનિયા છોડ ચલે, જીવન કી સારી હમ રસ્મે તોડ ચલે...
- ધારાસભ્ય માણસા અમીત ચૌધરી - છોટા બચ્ચા જાન કે હમ કો ના સમજાના રે... ટુપી ટુપી ટપ ટપ...
- પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ - દુશ્મન ન કરે દોસ્તને વો કામ કીયા હે, ઉમ્ર ભર કા ગમ ઈનામ દિયા હે.
- પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા - આજ પુરાની રાહો સે કોઈ મુજે આવાજ ન દે...
- જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષ શાહ - ક્યા હુઆ તેરા વાદા, વો કસમ વો ઈરાદા...
- જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણા - યે દુનિયા, યે મહેફિલ... મેરે કામ કી નહી, મેરે કામ કી નહીં...
- પંચાયત બોર્ડના ડાયરેક્ટર ગીરીશ શર્મા - ભક્તિ રે કરવી એવી કે રાંક થઈને રહેવું...
- ભાજપ શહેર પ્રમુખ નિતિન પટેલ - કોઈ ના કોઈ ચાહીયે, પ્યાર કરને વાલા... કોઈ ના કોઈ ચાહીએ હમ પે મરનેવાલા...
- કોંગ્રેસ શહેર પ્રમુખ મુકેશ પટેલ - રાસ્તે કા પત્થર કિસ્મતને મુજે બના દીયા, જો રાસ્તે સે ગુજરા મુજે ઠોકરે લગા ગયા...
- કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ - મેરા જીવન કોરા કાગઝ કોરા હી રહ ગયા...

અંતમાં... ગુસ્તાખી માફ સાથે... હોલી મુબારક..

# ગુજરાતને કોલસા પરિવહન પર હવે ૧૦૦ કરોડની બચત

અમદાવાદ, તા.૫

આંતર-મંત્રાલય ટાસ્ક ફોર્સનો અમલ કરવામાં આવે તો ગુજરાતને કોલસાના, વિજ અને નવી તથા પુનઃપ્રાપ્ત ઊર્જા (સ્વતંત્ર હવાલો) મંત્રી પિયુસ ગોયલે રાજયસભામાં સાંસદ પરિમલ નથવાણીને આ માહિતી આપી હતી. ગોયલે જણાવ્યું હતું કે આંતર-મંત્રાલય ટાસ્ક ફોર્સની ભલામણોમાં ૧૨ લાખ ટન કોલસો સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (એસઈસીએલ)ને બદલે વેસ્ટર્ન કોલફિલ્ડ્ડ લિમિટેડ (ડબલ્યુસીએલ) માંથી આપવાનો સમાવેશ થાય છે, જેનાથી ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી

● અનુસંધાન પાન-૭ પર

# માતૃભાષા આપણા જીવન સાથે વણાયેલી છે : રાજયપાલશ્રી ઓ.પી. કોહલી

## ગાંધીનગરમાં 'માતૃભાષામાં શિક્ષણ-સહ ચિંતન' વિષય પર યોજાયેલી સંગોષ્ઠી

ગાંધીનગર, તા.૫

ગુજરાતના રાજયપાલશ્રી આપણને આપણી માતૃભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવની લાગણી હોય.



(તસવીર : દિપક જાની)

ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે માતૃભાષા આપણા જીવન સાથે વણાયેલી છે એટલે સ્વભાવિક છે કે

રાજયપાલ ગઈકાલે ગાંધીનગરમાં અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત 'માતૃભાષામાં શિક્ષણ-સહ ચિંતન' વિષય પર યોજાયેલ સંગોષ્ઠીમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગાંધીજીએ ભાષાઓનો ક્રમ નિર્ધારિત કર્યો હતો. જેમાં માતૃભાષાને તેમણે પ્રથમ સ્થાન આપ્યું હતું. ભારતીય ભાષાઓને તેમનું યથાયોગ્ય સ્થાન મળવું જોઈએ તેના માટે આપણે આપણી માનસિકતાને કેળવવી જોઈએ તેમણે જણાવ્યું હતું કે બાળકને માતૃભાષામાં શિક્ષણ સહજરૂપે મળે છે તેથી તે બાળકના બૌધ્ધિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું

અમારા પરિવારના મોભી પૂજ્ય **નર્મદાબેન ભાનુપ્રસાદ વ્યાસ** (માણસાવાળા) તા. ૧/૩/૧૫ને રવિવારે દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૭/૩/૨૦૧૫ને શનિવારે બપોરે ૩-૦૦ થી ૬-૦૦** કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન**
પ્લોટ નં. ૪૮૫/બી,
વિરાટનગર, સે.૨૩
ચોવીસ ચોકડી,
ગાંધીનગર


લિ.
સ્વ. રમણલાલ મૂળશંકર વ્યાસ
ઘનશ્યામભાઈ મૂળશંકર વ્યાસ
દિપકભાઈ ભાનુપ્રસાદ વ્યાસ (પુત્ર)
વિપુલભાઈ ભાનુપ્રસાદ વ્યાસ (પુત્ર)

પિયરપક્ષનું બેસણું પણ ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ.
સ્વ. જેઠાલાલ ત્રિભોવનદાસ શુક્લ પરિવાર
(રાંધેજા-કોલવડા)




ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com